**વંચાણે લીધા :**

**૧.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૧/૨૦૧૯, તા.૨૭/૫/૨૦૧૯ તથા

**૨.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૬/૨૦૧૯, તા.૧૧/૭/૨૦૧૯ તથા

**૩.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૭/૨૦૨૧, તા.૧૮/૧૨/૨૦૨૧ તથા

**૪.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૦/૨૦૨૨, તા.૭/૭/૨૦૨૨ તથા

**૫.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૫૨/૨૦૨૨, તા.૨૩/૧૨/૨૦૨૨ તથા

**૬.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૫૩/૨૦૨૨, તા.૨૩/૧૨/૨૦૨૨ તથા

**૭.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૦/૨૦૨૫, તા.૧૮/૧૧/૨૦૨૫ તથા

**૮.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૯/૨૦૨૫, તા.૩૦/૧૨/૨૦૨૫ તથા

**૯.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨/૨૦૨૬, તા.૯/૧/૨૦૨૬ અન્વયે.

## જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૦/૨૦૨૬, તા.૨૫/૬/૨૦૨૬

હું, જી.એસ.મલિક,I.P.S., પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (ઇ) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેરમાં રખડતાં ઢોરના કારણે થતા માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ રાહદારી અને વાહન સાથે મુસાફરી કરતાં નાગરીકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાંક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યકિતઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરોને કારણે આમપ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પન્ન થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દુર કરવા અને રખડતા ઢોરોની પ્રવૃત્તિને કાબુમાં લઇ માર્ગ અકસ્માત નિવારવા અત્યંત જરૂરી બાબત બની ગયેલ છે. તેમજ શહેરમાં જાહેર જગ્યાઓએ પશુત્રાસ પ્રશ્નના નિવારણ તથા અટકાવનું કાયમી નિરાકરણ લાવવું પણ જરૂરી છે.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઢોરોના (ગાય,ભેંસ વિગેરે ઢોર) માલિક, ગોપાલકોએ દિન-૬૦ માં પોતાની માલિકાના તમામ ઢોરોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લગાડવામાં આવનાર ટેપ તથા ચીપ લગાવડાવી તેના દ્વારા પોતાના ઢોરોનું રજીસ્ટ્રેશન ફરજીયાત પણે કરાવી લેવા તેમજ ટેગ તથા ચીપ લગાડેલ ઢોરની માલિકી બદલાય એટલે કે, આવા રજીસ્ટ્રેશન કરાવેલ ઢોરના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષીશ અથવા વારસાઇરૂપે માલિકી હક્ક બદલાય તો તેની જાણ જે તે ઢોરના માલિકે અમદાવાદ મયુનિસિપલ કોર્પોરેશનને કરવા, એ જ પ્રમાણે જો ઢોરનું મરણ થાય તો પણ તેની જાણ તેના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા સબંધે

આમુખ (૨) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી આ બાબતે શહેર વિસ્તારના પશુમાલિકો/પશુપાલકો તેમની અંદાજીત પણે પશુઓની સંખ્યા પશુમાલિક/પશુઓની નોંધણી RFID ચીપ અને ટેગ લગાવ્યાની વિવિધ બાબતોની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ છે. તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર સ્થળો તથા રસ્તા પર ઘાસચારાનું વેચાણ કરવા અને જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો પર આમુખ (૧) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

રખડતા પશુ દ્વારા વાહન ચાલકો,બાળકો,વૃદ્ધોને શિંગડું મારવાથી નુકશાન થવાના બનાવો,ગંદકી, ભયજનક વાતાવરણ ઉભુ કરવા જેવા સમાચારો અવાર-નવાર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા હોય છે. જાહેર રસ્તા ઉપર પશુઓ છુટા મુકવાના કારણે રસ્તા પર થતો ટ્રાફિક,ન્યુસન્સ,ગંદકી, અકસ્માત, જાનહાનિ તથા ફૂલ-છોડ જેવા પ્લાન્ટેશનને નુકશાન થતુ હોય છે તથા શહેરનાં ગ્રીન પેચ ડેવલપમેન્ટમાં મુશ્કેલી ઉભી થાય છે.

અમદાવાદ શહેર ઝોનના વિવિધ વોર્ડ/વિસ્તારોમાં આવેલી શાળા, મ્યુઝીયમ, કોલેજો, યુનિવર્સિટી, ધાર્મિક સ્થળો,બગીચાઓ,ગાર્ડન,શૈક્ષણિક સંકુલો,હોસ્પીટલો,ઈવેન્ટ્સ બજારો,શાક-માર્કેટ, હોલ,સભાઓ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે તથા નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, બસ સ્ટેશન, હાઈવે, શાળા-કોલેજ, યુનિવર્સીટી, શાકમાર્કેટ, બજારો, ગાર્ડન, બ્રિજ, રીંગ રોડ,બ્રિજ રેલ્વે ક્રોસીંગ,અંડરપાસ,ચાર રસ્તા જંકશન,નેશનલ હાઈવે, એક્સપ્રેસ વે,એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર-જવર,ગીચતા ધરાવતા જાહેર સ્થળો, ટ્રાફિકમાં પણ રખડતા પશુઓની સમસ્યા રહે છે. જે દૂર કરવા આવા વિસ્તારોને નો-કેટલ ઝોન તરીકે જાહેર કરવો જરૂરી છે.

અમદાવાદ શહેર પૂર્વ ઝોનના વસ્ત્રાલ, રામોલ, હાથીજણ વોર્ડમાં સમાવિષ્ટ ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ, નેશનલ હાઈવે તથા તેની આસપાસના વિસ્તારોમાં કોમનવેલ્થ, શોપીંગ ફેસ્ટીવલ જેવા કાર્યક્રમો અનુસંધાને પૂર્વ ઝોનના સમાવિષ્ટ વિસ્તારમાં રખડતા પશુઓનું ન્યુસન્સ/પ્રવૃત્તિનું નિયંત્રણ કરવા શહેરમાં જાહેર જગ્યાઓએ પશુત્રાસ પ્રશ્ન કાયમી નિરાકરણ લાવવા 'નો-કેટલ ઝોન' જાહેર કરવો જરૂરી છે. અમદાવાદ શહેર ઝોનના વિવિધ વોર્ડ/વિસ્તારમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ,ધાર્મિક સ્થળો, બગીચાઓ,ગાર્ડન, હોસ્પીટલ, ઈવેન્ટસ બજારો,શાકમાર્કેટ,હોલ,સભાઓ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે તથા નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, બસ સ્ટેશન,હાઈવે,શાળા-કોલેજ,યુનિવર્સીટી,શાકમાર્કેટ,બજારો,ગાર્ડન,બ્રિજ,રીંગ રોડ,બ્રિજ રેલ્વે ક્રોસીંગ, અંડરપાસ,ચાર રસ્તા જંકશન,નેશનલ હાઈવે,એક્સપ્રેસ વે, એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર-જવર,ગીચતા ધરાવતા જાહેર સ્થળો,ટ્રાફિકમાં પણ રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા આવા વિસ્તારોને અગાઉ નો-કેટલ ઝોન તરીકે જાહેર કરાયેલ છે. અમદાવાદ શહેર ભવિષ્યમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ તથા ઓલમ્પિકની યજમાની કરવાનું હોય અને વારંવાર વી.આઈ.પી. તથા વી.વી.આઈ.પી.ની મુવમેન્ટ થતી હોવાથી વસ્ત્રાલ, રામોલ, હાથીજણ વોર્ડમાં સમાવિષ્ટ ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ, નેશનલ હાઈવે તથા તેની આસપાસના નીચે જણાવેલ વિસ્તારોને અગાઉના અન્ય જાહેરનામાના ધોરણે **'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન'** તરીકે જાહેર કરવામાં આવે છે.

| **'કેટલ ફ્રી એરીયા / નો-કેટલ ઝોન' અંગેની ચતુર્સીમાનું વર્ણન** | | |
|---|---|---|
| **અ.નં** | **દિશા** | **વર્ણન** |
| ૧ | મધ્ય | ડૉ. કૃષ્ણ શામજી પ્રસાદ ઓડીટોરીયમ, રામોલ |
| ૨ | પૂર્વ | કેનાલ રોડ વિસ્તાર |
| ૩ | પશ્ચિમ | અમદાવાદ-બરોડા હાઈવે (NH-48) |
| ૪ | ઉત્તર | અર્પન ઈન્ટરનેશનલ સ્કુલ રોડ ( SP રીંગ રોડ તરફ) |
| ૫ | દક્ષિણ | વસ્ત્રાલ મેટ્રો સ્ટેશન ફાયનલ ડેસ્ટીનેશન |

જેથી ઉપર મુજબ જાહેર કરેલ **'કેટલ ફ્રી એરીયા/નો-કેટલ ઝોન'** માં કોઈપણ પશુપાલક/ પાશુમાલિક પોતાનું પશુ જાહેરમાં રખડતું મુકી શકશે નહી. જો તેમ કરવામાં આવશે તો જે તે પશુના માલિક વિરુદ્ધ જાહેરનામાના ભંગ સબબ કાનુની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે પોલીસ વિભાગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ત્રાસ અંકુશ વિભાગ (C.N.C.D.) ના સંકલનમાં રહી આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાનુની કાર્યવાહી કરવાની રહેશે.

આ સબંધે આ વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલક/પશુમાલિકોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સબંધિત વિભાગે તથા સ્થાનિક પોલીસે જરૂરી સમજ કરવાની રહેશે.

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૬/૬/૨૦૨૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૬/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨૫/૬/૨૦૨૬
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર

(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.